अहिंसा परमो धर्मः

ઉપેન્દ્રરાય જ૦ સાંડેસરા

મહાભારતને "ભારતની મૂર્તિમંત સરસ્વતી" એ રીતે સંક્ષેપમાં ઓળખી શકાય. કેટલાક વિદ્વાનો એને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો વિશ્વકોશ, તો કેટલાક પ્રાચીન ભારતના 'ઇતિહાસ'ના આકર ગ્રંથ તરીકે ઓળખાવે છે. પણ ખરેખર તો તે માનવજીવનના અપાર વૈવિધ્યને આલેખતો, 'વિરાટ' શબ્દના સર્વ અર્થોને સાર્થક કરતો, અને વ્યાપક જીવનદર્શન કરાવતો મહત્તમ 'ગ્રન્થ-સાગર' છે. એના કર્તા મહર્ષિ વેદવ્યાસ, દાસ માતા અને બ્રાહ્મણ પિતાના પુત્ર હોઈ જડ માન્યતા અનુસાર તો જન્મે અત્યંત હીન કક્ષાના ગણાય! પરંતુ આ જ મહર્ષિએ ચારે વેદોને બરાબર વ્યવસ્થિત કરી, તેના કાળજીપૂર્વકના અભ્યાસની ગોઠવણ કરી, શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું દિવ્ય ગાન સાંભળ્યું અને જગતને સંભળાવ્યું, તથા ધર્મ—વિશાળતાના ધર્મ, શુદ્ધધર્મ—ની પરંપરા અનુસારના આ મહાભારતની જગતને ભેટ ધરી એમ મનાય છે. આ મહાન કાર્યો માટે એ મહાકવિની પ્રશંસા, વૈદિક મતાનુયાયી કવિઓ તથા સ્વયં મહાભારતની છેલ્લી વાચના તૈયાર કરનારાઓએ તો કરી જ છે, પરંતુ તદુપરાંત અન્ય ભારતીય અનુગમો–ધર્મ સંપ્રદાયોના વિદ્વાનો જેવા કે, 'બુદ્ધચરિત'ના કર્તા અશ્વઘોષ, 'કુવલયમાલા'ના કર્તા દાક્ષિણ્યચિહ્ન ઉદ્દ્યોતનસૂરિ, અને 'તિલકમંજરી'ના કર્તા ધનપાલ જેવાઓએય કરી છે. વળી 'તન્ત્રાખ્યાયિકા' તથા 'પંચતંત્ર' જેવા કેવળ રાજનીતિ આલેખતા ગ્રન્થકારોએ પણ કરી છે એટલું જ નહિ, પણ 'અનુયોગદ્વાર' અને 'નન્દીસૂત્ર' જેવા જૈન આગમગ્રન્થોએ પણ મહાભારતાદિ ગ્રન્થોને મિથ્યાશ્રુત કહેવા છતાં, "યથાર્થ રીતે ગ્રહણ કરાયેલા આ ભારતાદિ ગ્રંથો સમ્યગ્દષ્ટિવાળાઓને માટે સમ્યક્ શ્રુત છે, અથવા મિથ્યાદષ્ટિવાળાઓ માટે પણ આ સમ્યક્ શ્રુત છે કારણ કે એમના સમ્યક્ત્વમાં એ કારણભૂત થાય છે; અને એમ તેમાંથી પ્રેરણા લઈને પોતાની મિથ્યાદષ્ટિ ત્યજી દે છે—સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત કરે છે."[1] એમ કહીને મહાભારતની પ્રતિષ્ઠા, મહત્ત્વ અને વિશાળ દષ્ટિનો સ્વીકાર કર્યો છે.

---

૧ (क) 'નન્દી સૂત્ર' (અનુવાદક-સંશોધક : હસ્તિમલ્લ મુનિ, ૧૯૪૨) સૂત્ર ૪૧, પૃ૦ ૧૧૦, ૧૧૧
(ख) 'અનુયોગદ્વાર સૂત્ર' (જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ, ૧૯૨૧) સૂત્ર ૨૫, ૨૬, [પૃ૦ ૨, ૩]; સૂત્ર ૧૪૭ [પૃ૦ ૪૦, ૪૧].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાભારત એ 'વિશાળતાના ધર્મ'નો ગ્રન્થ હોઈ એમાં તત્કાલીન હિંદુસ્તાનમાં પ્રચલિત સર્વ મુખ્ય અનુગમો અને આચારની પરંપરાઓનું રહસ્ય સરળતાપૂર્વક પ્રસ્તુત કરવામાં આવ્યું છે, અને એમ જ્યાં જ્યાં જે કંઈ સારું હોય તે આત્મસાત્ કરવાની ઉચ્ચ પ્રણાલિનું તેજસ્વી દર્શન કરાવવામાં આવ્યું છે. તેથી દેખીતી રીતે જ એમાં જૈન અનુગમની પરંપરાઓનું પણ બહુમાનપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું છે. તેમાંથી અહિંસાને સર્વશ્રેષ્ઠ ધર્મ તરીકે—પરમ ધર્મ તરીકે નિરૂપતાં કેટલાંક ઉદાહરણ જોઈએ. મહાભારત અહિંસાને "अहिंसा परमो धर्मः स च सत्ये प्रतिष्ठितः ॥"[૨]—સત્યમાં પ્રતિષ્ઠિત એવો શ્રેષ્ઠ ધર્મ કહે છે.

(૧) જાજલિ નામનો એક બ્રાહ્મણ, આદિનાથના પુત્ર બાહુબલિની જેમ ઉગ્ર તપ તપતો હતો.[૩] થાંભલાની જેમ અવ્યગ્ર રહીને તપ કરતાં તેની જટામાં, એક ચકલાચકલીના જોડાએ માળો બાંધ્યો. તેમાં ઈંડાં મૂક્યાં. તેમાંથી બચ્ચાં જન્મ્યાં! ધીરે ધીરે તે બચ્ચાં મોટાં થયાં અને સ્વાવલંબી થઈ ઊડીયે ગયાં! જાજલિ તે પછી પણ એક મહિના સુધી દયાને લીધે સ્થિર બેસી રહ્યો. જ્યારે તેને ખાતરી થઈ કે ચકલાં પાછાં આવશે જ નહિ, ત્યારે ઊઠ્યો. ઊઠ્યા પછી તેને તરત અભિમાન થયું. એટલે ગર્વથી બોલ્યો, "મેં ધર્મ પ્રાપ્ત કર્યો છે." ત્યારે અંતરીક્ષ વાણીએ કહ્યું કે, "તું મહાપ્રાજ્ઞ તુલાધારના જેટલો ધાર્મિક નથી. કાશીનો એ તુલાધાર પણ તું બોલે છે એવી ગર્વવાણી ઉચ્ચારતો નથી જ. (તો તું બોલે તે કેમ છાજે?)"[૪]

આ સાંભળીને ચિડાયેલો જાજલિ વારાણસી ગયો. ત્યાં જઈને તેના વેપાર ઉપર આક્ષેપ કરતાં તુલાધારને પૂછ્યું, "હે મહામતિ વણિક્પુત્ર! તું સર્વ રસો, ગન્ધો, વનસ્પતિઓ, ઔષધિયો અને તેનાં મૂળ તથા ફળને વેચે છે; છતાં તને નૈષ્ઠિકી બુદ્ધિ કેવી રીતે મળી છે?"[૫]

ત્યારે બાર વ્રતો પૈકી ત્રીજા વ્રતના અતિચાર कूडतुल कूडमाणेथी વિરામ પામેલા, ત્રાજવાથી નિષ્પક્ષ રીતે પ્રામાણિકતાથી સમાન તોલનાર, અને પ્રાણીમાત્ર પ્રત્યે સમદૃષ્ટિથી જોનાર કોઈ સાચા જૈન શ્રાવકની યાદ આપતાં, આ વૈશ્ય તુલાધારે જવાબ આપતાં કહ્યું, "ગુજરાનની જે વૃત્તિ પ્રાણીઓના *તદ્દન અદ્રોહથી—સંપૂર્ણ અહિંસાથી, અથવા અલ્પદ્રોહથી—ઓછામાં ઓછી હિંસાથી*, ચાલે છે તે શ્રેષ્ઠ ધર્મ છે, અને તે પ્રમાણે હું આજીવિકા કરું છું. હું[૬] નાનામોટા સુગંધી પદાર્થો અને મદ્ય સિવાયના રસોનો નિષ્કપટપણે વેપાર કરું છું.[૭] (શાસ્ત્રો કહે છે કે) જે મન, કર્મ, વચનથી સદૈવ સર્વનો સુહૃદ છે, અને સર્વના હિતમાં રત છે, તે ધર્મને જાણે છે. તેથી હું કોઈની નિન્દા, પ્રશંસા, દ્વેષ કે કામના રાખ્યા

૨. (क) મહાભારત (ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટની વાચના), આરણ્યકપર્વ ૧૯૮–૬૯.
(ख) સર૦ સત્યનાં દર્શન અહિંસા વગર થઈ જ ન શકે. તેથી જ કહ્યું છે કે अहिंसा परमो धर्मः'
—ગાંધીજી ('નિત્યમનન' પૃ૦ ૪)

૩. મહાભારત, શાન્તિપર્વ, અ. ૨૫૩ થી ૨૫૬.

૪. મહાભારત, શાન્તિપર્વ, ૨૫૩–૪૧, ૪૨, ૪૩.

૫. મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૧થી ૩.

૬. अद्रोहेणैव भूतानामल्पद्रोहेण वा पुनः ।
या वृत्तिः स परो धर्मस्तेन जीवामि जाजले ॥
મહાભારત, શાંતિપર્વ, ૨૫૪–૬.

૭. रसांश्च तांस्तान्विप्रर्षे मद्यवर्जानहं बहून् ।
क्रीत्वा वै प्रतिविक्रीणे परहस्तादमायया ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૮
સર૦ સાતમા વ્રતમાં પંદર જાતના ધંધાનો પ્રતિબંધ આવે છે. તેમાં રસવાણિજ્યના અતિચારનો ઉલ્લેખ છે. મદ્યનો તેમાં સમાવેશ થાય.
'વન્દિત્તા સૂત્ર' ૨૨, ૨૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના સર્વ પ્રત્યે સમદૃષ્ટિ રાખું છું, તે મારા વ્રતને જુઓ. ઇષ્ટ, અનિષ્ટ, પ્રીતિ અને રાગથી છૂટું થયેલું એવું મારું ત્રાજવું સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન છે.[૮] ... જેમ વૃદ્ધ, રોગી અને કૃશ મનુષ્યો વિષયો પ્રત્યે નિઃસ્પૃહ હોય છે, એમ અર્થ અને કામના ઉપભોગમાં હું નિઃસ્પૃહ છું— વિગતતૃષ્ણ છું...પ્રાણીઓને અભય દેનાર ધર્મ જેવો ધર્મ ભૂતકાળમાં થયો નથી અને ભવિષ્યકાળમાં થશે પણ નહિ; તેને અનુસરનારો નિર્ભય પદને પ્રાપ્ત કરે છે...(સામાન્યતઃ) બહિર્મુખ બુદ્ધિવાળા, ચતુર અને સમગ્ર પરિસ્થિતિ અનુસાર તત્ત્વનો નિર્ણય કરનાર વિદ્વાનો, કીર્તિને માટે જે સહાયવાન હોય કે દ્રવ્યયુક્ત હોય, કિંવા બીજા અન્ય ભાગ્યશાળી હોય તેની શાસ્ત્રોમાં (તેનાં સત્કાર્યો માટે, એરણની ચોરી અને સોયના દાન જેવાં!) સ્તુતિ કરે છે.[૯] પણ (વસ્તુસ્થિતિ એ છે કે) તપ, યજ્ઞ અને દાન કરવાથી તથા પ્રજ્ઞાયુક્ત વાક્યો બોલવાથી જે ફળ મળે છે તે જ મહાફળ અભયદાનથી મળે છે. જગતમાં જે મનુષ્ય અભયદક્ષિણા આપે છે, તેને સર્વ યજ્ઞો કર્યાનું ફળ મળે છે. (વધારામાં) પોતાનેય અભયદક્ષિણા મળે છે. પ્રાણીઓની અહિંસાથી શ્રેષ્ઠ કોઈ ધર્મ છે જ નહિ.[૧૦]...જે સર્વ પ્રાણીઓનો આત્મા બન્યો છે, જે પ્રાણીઓને સમ્યક્ જુએ છે, એવા (પરમ) પદના અભિલાષી છતાં પદ વિનાના—પગલાંની, રસ્તાની નિશાની વિનાના—પુરુષની ગતિથી દેવો પણ મોહ પામે છે."[૧૧] પછી "આ અભયદાનનો અહિંસક ધર્મ બહુ અપલાપ કરનારાથી—બહુ નિહ્નવથી જાણી શકાતો નથી, પણ આચારથી જાણી શકાય છે,"[૧૨] એમ કહી આગળ ચાલતાં તુલાધાર બોલ્યો, "જેઓ પશુઓનાં વૃષણ કાપે છે—ખસી કરે છે, નાથે છે, બહુ ભાર ઉપડાવે છે, બાંધે છે, દુઃખ દે છે અને કેટલાક તો મારી નાખીને માંસ પણ ખાઈ જાય છે, તેની તું કેમ નિન્દા કરતો નથી? (અને મારા અહિંસક વ્યાપારને નિંદે છે?)" વળી આગળ ચાલતાં અત્યારના યુગમાં, ગુલામી જવા છતાંય નોકરો પ્રત્યે ગુલામ જેવું વર્તન રાખતા 'શેઠિયા'ઓએ ધ્યાનમાં રાખવા જેવાં વચનો ઉચ્ચારીને આ અહિંસક વણિકે કહ્યું, "કેટલાક મનુષ્યો મનુષ્યોને જ ગુલામ બનાવીને તેમની પાસે વૈતરું કરાવે છે. વળી એ લોકો મરણતોલ માર મારવાથી થતું દુઃખ જાણે છે, છતાં રાતદિવસ માર મારી અને

---

૮ सर्वेषां यः सुहृन्नित्यं सर्वेषां च हिते रतः ।
कर्मणा मनसा वाचा स धर्मं वेद जाजले ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૯
नानुरुध्ये विरुध्ये वा न द्वेष्मि न च कामये ।
समोऽस्मि सर्वभूतेषु पश्य मे जाजले व्रतम् ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૧૧
इष्टानिष्टविमुक्तस्य प्रीतिरागबहिष्कृतः ।
तुला मे सर्वभूतेषु समा तिष्ठति जाजले ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૧૨

૯ सहायवान्द्रव्यवान्यः सुभगोऽन्योऽपरस्तथा ।
ततस्तानेव कवयः शास्त्रेषु प्रवदन्त्युत ।
कीर्त्यर्थमल्पहृल्लेखाः पटवः कृत्स्ननिर्णयाः ॥ શાન્તિપર્વ ૨૫૪–૨૭.

૧૦ लोके यः सर्वभूतेभ्यो ददात्यभयदक्षिणाम् ।
स सर्वयज्ञैरीजानः प्राप्नोत्यभयदक्षिणाम् ।
न भूतानामहिंसाया ज्यायान्धर्मोऽस्ति कश्चन ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪-૨૯.

૧૧ सर्वभूतात्मभूतस्य सम्यग्भूतानि पश्यतः ।
देवापि मार्गे मुह्यन्ति अपदस्य पदैषिणः ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૩૨.

૧૨ सूक्ष्मत्वान्न स विज्ञातुं शक्यते बहुनिह्नवः ।
उपलभ्यान्तरा चान्यानाचारानवबुध्यते ॥ શાન્તિપર્વ, ૨૫૪–૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાંધીને કે કેદમાં પૂરીને રાતદિવસ તેમની પાસેથી કામ લે છે.[૧૩] પંચેન્દ્રિય પ્રાણીઓમાં દેવોનો નિવાસ છે, છતાં કેટલાક લોકો તેમને જીવતાં હોય છતાં ય વેચે છે તો પછી, મૂએલાંને તો વેચે જ એમાં શી નવાઈ? તો હે બ્રાહ્મણ! જો હું તેલ, ઘી, મધ અને કાષ્ઠૌષધિઓનો વેપાર કરું છું તો તેમાં તમને શું વાંધો નડે છે?" પછી કૃષિમાં રહેલી હિંસા દર્શાવી, ખેતી કરતાં ગોવંશને–બળદોને જે દુઃખ દેવામાં આવે છે તેનું વર્ણન કર્યું, અને વિનતિ કરી કે, "જાજલિ! જગતમાં જે જે અમંગલ અને ઘોર આચારો પ્રવર્તે છે, તેને તમે કેવળ ગતાનુગતિકતાથી જ આચરો છો પણ નિપુણતાથી સમજતા નથી, માટે (કાર્ય–) કારણ તરફ નજર રાખીને આચરણ કરવું—(સામાન્ય, કામનાવાળા આસક્ત) લોકો વર્તતા હોય તેમ નહિ. જેમ મારો કોઈ તિરસ્કાર કરે કે સ્તુતિ કરે તે બન્ને તરફ મને તો સમાનભાવ છે, કેમકે મને પ્રિય-અપ્રિય કંઈ છે જ નહિ. આ ધર્મને મનીષિઓ પ્રશંસે છે, યુક્તિસંપન્ન યતિઓ આનું સેવન કરે છે, અને સતત ધર્મશીલ જનો તેનું સૂક્ષ્મતાથી અવલોકન કરે છે."[૧૪]

પ્રાજ્ઞ તુલાધારે એ પછી યજ્ઞરહસ્ય સમજાવી, નિષ્કામ અને અહિંસક યજ્ઞથી સમદૃષ્ટિવાળી પ્રજા જન્મે છે તે સ્પષ્ટ કર્યું. આવા નિષ્કામ અહિંસક યજ્ઞોના પ્રભાવથી અગાઉ કૃષિ વિના પણ જોઈતું અન્ન નીપજતું તેની યાદ આપી, અને માનસિક ક્રતુઓની[૧૫](=યજ્ઞોની) મહત્તા સ્થાપિત કરી. છેવટે સાત્ત્વિકી શ્રદ્ધા રાખી ધર્માચરણ કરવા કહ્યું.[૧૬] વાતચીતનો સમારોપ કરતાં તુલાધારે કહ્યું કે, "ધર્માર્થદર્શનવાળા સંતોએ આ પ્રમાણે ધર્મ કહ્યો છે. જિજ્ઞાસુ એવા એમને તે ધર્મ ધર્મદર્શનથી પ્રાપ્ત થયો છે."[૧૭]

---

૧૩ ये च छिन्दन्ति वृषणान्ये च भिन्दन्ति नस्तकान् ।
वहन्ति महतो भारान्बध्नन्ति दमयन्ति च ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૩૬.
हत्वा सत्त्वानि खादन्ति तान्कथं न विगर्हसे ।
मानुषा मानुषानेव दासभोगेन भुञ्जते ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૩૭.
वधबन्धविरोधेन कारयन्ति दिवानिशम् ।
आत्मना चापि जानासि यद्दुःखं वधताडने ॥ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૩૮.
આ સાથે સરખાવો, પ્રથમ અણુવ્રત અહિંસાના અતિચાર.
पढमे अणुव्वयम्मी थूलगपाणाइवायविरईओ ।
आयरिअमप्पसत्थे इत्थ पमायप्पसंगेणं ॥
वह बंध छविच्छेए अइभारे भत्तपाणवुच्छेए ।
पढमवयस्सऽइआरे पडिक्कमे देसिअं सव्वं ॥ 'વન્દિત્તા સૂત્ર' ૯, ૧૦.
પહેલા અણુવ્રતમાં પ્રમાદને લીધે (ક્રોધાદિક) અપ્રશસ્ત ભાવો પ્રમાણે વર્તીને સ્થૂળ પ્રાણાતિપાતવિરતિને તોડીને જે અતિચાર કર્યો હાય, તથા વધ, બંધ, અવયવનો છેદ, અત્યંત ભાર ઉપડાવ્યો હોય અને ખાવાપીવાનો વિચ્છેદ—એ પાંચ પ્રથમ વ્રતના અતિચારોનું આચરણ કરવાથી થયેલા દિવસ સંબંધી સર્વ દોષથી હું પ્રતિક્રમું છું.

૧૪. મહાભારત, શાન્તિપર્વ, ૨૫૪–૪૯થી ૫૨.

૧૫ उत यज्ञा उतायज्ञा मखं नार्हन्ति ते क्वचित् । મહાભારત, શાન્તિપર્વ ૨૫૫–૩૭.
યજ્ઞ હોય કે અયજ્ઞ હોય તે 'મખ'ને (मखं मानसिकं क्रतुम् । —મહાભારતનો ટીકાકાર પં. નીલકંઠ) પહોંચી ન શકે.

૧૬ મહાભારત, શાન્તિપર્વ અ૦ ૨૫૫ અને અ૦ ૨૦૬.

૧૭ इति धर्मः समाख्यातः सद्भिर्धर्मार्थदर्शिभिः ।
वयं जिज्ञासमानास्त्वा संप्राप्ता धर्मदर्शनात् ॥

મહાભારત શાન્તિપર્વ ૨૫૫–૧૬.

ટીકાકાર પં. નીલકંઠ ધર્મદર્શનાત્ પદનો અર્થ 'ધર્મદર્શન નામના મુનિથી' એવો કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) ગોમેધ યજ્ઞમાં વૃષભને મૃત્યુ પામેલો જોઈને નિર્વેદ પામેલો રાજા વિચખ્નુ "अहिंसैव हि सर्वेभ्यो धर्मेभ्यो ज्यायसी मता।—અહિંસા જ સર્વ ધર્મો કરતાં શ્રેષ્ઠ છે."[૧૮] એમ બોલ્યો, અને ગાયોને અભયદાન આપ્યું. અર્થાત્ હિંસક યજ્ઞો બંધ કર્યા. "કામ, મોહ, લોભ અને લોલુપતાથી આ હિંસક યજનવાળા યજ્ઞો પ્રવર્ત્યા છે. વિષ્ણુનું–સર્વવ્યાપી પરમાત્માનું યજન તો પાયસ (ખીર જેવી ખાસ ચીજ) અને પુષ્પોથી થઈ શકે."[૧૯] એમ કહ્યું. અને તારવ્યું કે, "(યજ્ઞ માટે) આ સિવાય (પાયસ અને પુષ્પો ઉપરાંત) પણ જે યજ્ઞીય દ્રવ્ય મહાત્માઓએ શુદ્ધભાવથી અને અહિંસક રીતે સંસ્કારેલું હોય તે સર્વ જ દેવોને અર્પણ કરવા યોગ્ય ગણાય છે."[૨૦]

(૩) આશ્વમેધિકપર્વાન્તર્ગત આવેલી 'અનુગીતા'[૨૧]માં વૃદ્ધ આંગિરસ ઋષિની આગેવાની નીચે બૃહસ્પતિ, ભરદ્વાજ, ગૌતમ, ભાર્ગવ, વસિષ્ઠ, કાશ્યપ, વિશ્વામિત્ર, અત્રિ વગેરે ઋષિઓ અને નિર્દોષ (વીતકલ્મષ) બ્રહ્મદેવનો સંવાદ છે.[૨૨] તેમાં જ્ઞાનનાં અનેક પાસાં ચર્ચાય છે. ચર્ચા દરમિયાન અનેક ધર્મસંપ્રદાયોના બહુસંખ્ય આચાર્યોના ધર્મવિષયક વિભિન્ન મતોથી ગૂંચવાડામાં પડેલા ઋષિઓએ એમાંથી સંખ્યાબંધ મતો ટાંકતાં બ્રહ્માજીને પૂછ્યું, "આ જગતમાં કયો ધર્મ અત્યંત આચરવા યોગ્ય છે? અમે તો એમ જ જોઈએ છીએ કે, ધર્મની વિવિધ ગતિ જાણે કે નષ્ટ-ભ્રષ્ટ થઈ ગઈ છે! (જુઓને આ ધર્મમતોનો ઢગલો!) (૧) દેહનાશ પછી આત્મા છે; (૨) દેહનાશ પછી આત્મા નથી; (૩) બધું સંશય-ભરેલું છે; (૪) બધું નિઃસંશય છે; (૫) (જગત) અનિત્ય છે; (૬) (જગત) નિત્ય છે; (૭) કંઈ નથી અને કંઈ છે; (૮) એકરૂપ એવું વિજ્ઞાન દ્વૈતરૂપે (=દ્વિધા) થયું છે; (૯) આ જગત વ્યામિશ્ર છે, (પર-માત્માથી) ભિન્ન અને અભિન્ન છે; (૧૦) (બ્રહ્મ) એક છે; (૧૧) (બ્રહ્મ) પૃથક્ છે; (૧૨) બહુત્વ (=અનેક પરમાણુઓ) કારણ છે; (૧૩) કોઈ જટા અને મૃગચર્મ પહેરે છે (પ્રચાર કરે છે); (૧૪) કોઈ મુંડન કરાવે છે; (૧૫) કોઈ દિગંબર રહે છે; (૧૬) કેટલાક કહે છે સ્નાન ન કરવું (=(क) નહાવું નહિ; (ख) બાળપણથી જ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવું); (૧૭) સ્નાન કરવું (=(क) નહાવું; (ख) સ્નાતક થઈને ગૃહસ્થાશ્રમી થવું); (૧૮) આહાર લેવો (અને ઉપાસના કરવી); (૧૯) અનશન રાખવું; (૨૦) કર્મની પ્રશંસા કરનારા; (૨૧) શાન્તિની પ્રશંસા કરનારા-સંન્યાસી; (૨૨) દેશ, કાળ કારણ માનનારા; (૨૩) દેશ, કાળ કારણ નથી એમ માનનારા; (૨૪) મોક્ષની પ્રશંસા કરનારા; (૨૫) ભોગની પ્રશંસા કરનારા; (૨૬) ધનની ઇચ્છા રાખનારા; (૨૭) નિર્ધનતા ઇચ્છનારા; (૨૮) (ધ્યાનાદિક) સાધનોથી ઉપાસનામાં માનનારા; (૨૯) આ સાધનોનો કંઈ અર્થ નથી એમ માનનારા; (૩૦) અહિંસાપરાયણ; (૩૧) હિંસાપરાયણ; (૩૨) પુણ્ય અને યશ માટે પ્રયત્નશીલ; (૩૩) પુણ્ય અને યશ જેવું કંઈ નથી એમ માનનારા; (૩૪) સદ્ભાવનિરત—સત્તત્ત્વમાં શ્રદ્ધાશીલ; (૩૫) સંશયશીલ (આ સાચું કે તે સાચું એમ અસ્થિર); (૩૬) કેટલાક દુઃખથી અને કેટલાક સુખથી ધ્યાન કરનારા (સકામ ઉપાસક) (૩૭) યજ્ઞમાં માનનારા; (૩૮) દાન મુખ્ય છે એમ માનનારા; (૩૯) સર્વ (સાધનોના) પ્રશંસકો; (૪૦) સર્વ (સાધનોને) નિંદનારા; (૪૧)

---

૧૮ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૭–૬.

૧૯ મહાભારત, શાન્તિપર્વ, ૨૫૭–૧૦.

૨૦ यच्चापि किंचित्कर्तव्यमन्यच्चोक्षैः सुसंस्कृतम्।
महासत्त्वैः शुद्धभावैः सर्वं देवार्हमेव तत्॥ શાન્તિપર્વ, ૨૫૭–૧૧.
આ શ્લોકમાં આવતું महासत्त्व (=મહાકુલીન કે શિષ્ટજન) પદ બૌદ્ધોમાં પ્રચલિત છે. એક બોધિસત્ત્વનું નામ પણ 'મહાસત્ત્વ' છે, એ રીતે અહીં નોંધપાત્ર છે. જુઓ મોનિયેર વિલિયમ્સનો સંસ્કૃત–અંગ્રેજી કોશ પૃ૦ ૮૦૧.

૨૧ મહાભારત આશ્વમેધિકપર્વ, અ૦ ૧૬થી અ૦ ૫૦.

૨૨. જુઓ, મહાભારત, આશ્વમેધિકપર્વ, ૩૫–૧૫થી ૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપપરાયણ; (૪૨) સ્વાધ્યાયપરાયણ; (૪૩) જ્ઞાન એ જ સંન્યાસ છે, એમ કહેનારા; અને (૪૪) સ્વભાવ છે એમ કહેનારા ભૂતચિન્તકો–ભૌતિકવાદીઓ.[૨૩]

"આમ અનેક પ્રકારે ધર્મબોધ કરવામાં આવે છે, એટલે હે સુરસત્તમ! અમે કંઈ નિશ્ચય કરી શકતા નથી. જનસમાજ, 'આ શ્રેય છે, આ શ્રેય છે,' આવા મતો સાંભળી વિચલિત થયો છે. અને જે મનુષ્ય જે સંપ્રદાયમાં હોય છે, તે સંપ્રદાયવાળાની જ એ સત્કાર કરે છે! એટલે અમારી પ્રજ્ઞા મૂંઝાઈ છે, તથા અમારું મન અનેક પ્રકારનું–ચંચળ, બની ગયું છે. તો હે સત્તમ! 'શ્રેય' શું છે તે કહો."[૨૪]

એટલે લોકરક્ષક ધર્માત્મા બ્રહ્મદેવે સર્વ મતોનો ગોટાળો દૂર કરતું પ્રવચન કર્યું. તેમાં શરૂઆતનાં બે વચનોમાં સમગ્ર ધર્મતત્ત્વનો સાર મૂકી દીધો :

हन्त वः संप्रवक्ष्यामि यन्मां पृच्छथ सत्तमाः ।
समस्तमिह तच्छ्रुत्वा सम्यगेवावधार्यताम् ॥ મહાભારત, આશ્વમેધિકપર્વ, ૪૯–૧.

अहिंसा सर्वभूतानामेतत्कृत्यतमं मतम् ।
एतत्पदमनुद्विग्नं वरिष्ठं धर्मलक्षणम् ॥ ૪૯–૨

ज्ञानं निःश्रेय इत्याहुर्वृद्धा निश्चयदर्शिनः ।
तस्माज्ज्ञानेन शुद्धेन मुच्यते सर्वपातकैः ॥ ૪૯–૩

"હે સત્તમો! તમે મને જે પૂછ્યું તે તમને સારી રીતે કહીશ. એ સર્વ સાંભળીને તમે સમ્યક્ વિચાર કરજો.

"સર્વ ભૂતો પ્રત્યે (આચરેલી) અહિંસાને સર્વશ્રેષ્ઠ કૃત્ય માનેલું છે. આ પદ ઉદ્વેગરહિત છે અને વરિષ્ઠ ધર્મલક્ષણ છે. તથા પરમ કલ્યાણકારી જ્ઞાન છે એમ નિશ્ચયદર્શી વૃદ્ધો–સિદ્ધાંત સ્થાપનારા ઋષિઓ કહે છે. માટે શુદ્ધ જ્ઞાનથી (= આવી આચરેલી અહિંસાથી) મનુષ્ય સર્વ પાતકથી છૂટે છે."

આમ મતપંથોના જાળાંથી ઊભા થયેલા જબરદસ્ત ગૂંચવાડાને પાર કરવા માટે અહિંસા–સર્વત્ર સમાનભાવે પ્રેમભાવ, એ એક જ આચરણીય મૂળભૂત ધર્મ, પરમ ધર્મ તરીકે મહાભારતકારે જણાવીને, અહિંસાને આત્માને ઊંચે લઈ જનાર મહાશક્તિ તરીકે સ્વીકારી છે. એ મહાશક્તિ વીર્યવાન છે છતાં હજુ સુધી એનું અલ્પતમ ભાન પણ સામાન્ય રીતે મનુષ્યોને નથી. એના સ્વલ્પાતિસ્વલ્પ પણ ન કહેવાય

૨૩ (क) મહાભારત, આશ્વમેધિકપર્વ, ૪૮–૧૪થી ૨૪. આ ૪૮ મા અધ્યાયમાં શ્લોક ૧થી ૧૨ સુધી, બ્રહ્મને અવ્યક્ત, અનામય, પુરુષ, સત્ત્વ ઈત્યાદિ રીતે ઓળખનારા ભિન્ન ભિન્ન મતો જોવા મળે છે. તેના અનુસંધાનમાં આ શ્લોક ૧૪થી ૨૪ સુધીમાં ચાર્વાક, તાર્કિક, મીમાંસક, શૂન્યવાદી બૌદ્ધો, વિજ્ઞાનવાદી બૌદ્ધો, અદ્વૈતવાદી, દ્વૈતવાદી, ભેદાભેદવાદી, વૈશેષિકો, કાલવાદીઓ, સ્યાદ્વાદી, તૈર્થિક, યોગાચારી, પરમાણુવાદી વગેરે મતોનો ઉલ્લેખ કરી તેના ગૂંચવાડામાંથી કેમ છૂટવું તે પ્રશ્ન ઉઠાવ્યો છે.

(ख) જૈન સંદર્ભો ઉપરથી ૩૬૩ ધર્મપંથો–પાષણ્ડો–ના ઉલ્લેખ મળે છે. ૧૮૦ ક્રિયાવાદી (=આત્મવાદી), ૮૪ અક્રિયાવાદી (=અનાત્મવાદી), ૬૭ અજ્ઞાનવાદી, ૩૨ વૈનયિક (=વિનયવાદી)—સર્વધર્મસમભાવી. કુલ ૩૬૩. જુઓ 'નન્દી સૂત્ર' સૂત્ર ૪૬, 'શ્રુતજ્ઞાનાધિકાર'માં દ્વાદશાંગી વર્ણનમાં; 'સૂત્રકૃતાંગ' પ્રથમ શ્રુતસ્કન્ધ, બારમું અધ્યયન; 'આચારાંગ' પ્રથમ શ્રુતસ્કન્ધ ૧–૧૦૩ની નિર્યુક્તિમાં પણ ૩૬૩ મત વિશે વિવેચન છે.

(क) બૌદ્ધ સંદર્ભો ઉપરથી પાલિ સાહિત્યના કાળમાં બૌદ્ધધર્મ સહિત જુદા જુદા ૬૩ પંથો હયાત હતા એમ જણાય છે. જુઓ 'સુત્તનિપાત'માં 'સભિયસુત્ત' ગાથા ૨૯; 'દીઘનિકાય'માં 'બ્રહ્મજાલસુત્ત' ૧–૧–૨; 'બુદ્ધચરિત' (ધર્માનન્દ કોસામ્બીકૃત) પૃ૦ ૧૧૫.

૨૪ મહાભારત, આશ્વમેધિકપર્વ, ૪૮–૨૫થી ૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા આચરણે દેશને આઝાદી અપાવી છે, એમ ગાંધીજીએ નોંધ્યું છે.[૨૫] અને મહાભારતકાર તો અહિંસાથી સર્વને પ્રેમમાં લપેટતી વિશાળ ધર્મશક્તિને વર્ણવતાં કહે છે : "જેમ હાથીના પગલામાં બીજાં સર્વ ચાલનાર પ્રાણીઓનાં પગલાં સમાઈ જાય છે, તેમ અહિંસામાં સકલ ધર્મનો અર્થ–તત્ત્વ સમાઇ જાય છે. (આમ સમજીને) જે અહિંસાનું પ્રતિપાદન કરે છે તે નિત્ય અમૃતમાં અર્થાત્ મોક્ષમાં વસે છે."[૨૬]

આનો અર્થ એ છે કે, અહિંસા એટલે 'હિંસા કરવી નહિ' એવો અભાવાત્મક વિચાર નહિ, કોઈ પણ પ્રાણીને દુઃખ ન દેવું એટલું જ નહિ, પણ સત્યશોધન માટે અર્થાત્ આત્મસાક્ષાત્કાર માટે, પ્રેમસાગરમાં લીન થવાની એવી પ્રક્રિયા કે જેમાં કરુણામૂલક સર્વને હિતકારી પ્રવૃત્તિ કરવાનો પણ ભાવ છે. તેથી તેમાં કોઈનું બૂરું કરવાનો કે ઇચ્છવાનો, કોઈ નેય દુઃખ દેવાનો, કોઈનોય પ્રતિકાર–દ્વેષમૂલક પ્રતિકાર, કરવાનો એમાં અવકાશ નથી. આવી અહિંસા સિદ્ધ કરનાર **મહાવીર** છે. કારણ કે તેની સહાયમાં મહાન ઈશ્વરી શક્તિ અહિંસા સદાય ઊભી હોય છે. જેને લીધે મરણ કે જીવન જે આવે તેને એ શાન્તિ અને સમતાપૂર્વક ભેટવાને તૈયાર હોય છે. વેદવ્યાસે આ વીરની અહિંસાની 'શ્રેષ્ઠ કર્તવ્ય' અને 'પરમ ધર્મ' તરીકે સ્તુતિ કરી છે, અને પ્રતિષ્ઠા કરી છે.

---

૨૫ (क) Vide, Non-violence in Peace & War Vol. II (Gandhiji) Vol. II, Chapter 200, p. 327, 328.

(ख) સર૦ "... સત્યમય થવાને સારુ અહિંસા એ એક જ માર્ગ છે એમ આ પ્રકરણોને ('આત્મકથા'નાં) પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું...અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે, અને નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે." 'આત્મકથા' (–ગાંધીજી, ૫ મી આવૃત્તિ, સં૦ ૧૯૯૦) પૃ૦ ૩૭૮, ૩૮૦.

(ग) સર૦ '...છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે તેથી અહિંસા પરમ ધર્મ થઈ, સત્ય પરમેશ્વર થયું...' 'મંગળપ્રભાત' (–ગાંધીજી ૬ઠ્ઠી આવૃત્તિ) પૃ૦ ૭.

૨૬ મહાભારત, શાન્તિપર્વ, ૨૩૭–૧૮, ૧૯; ૧૯ = અનુશાસનપર્વ ૧૧૫–૬; 'યોગશાસ્ત્ર' (૨–૩૦) ઉપરની વૃત્તિમાં નાગોજી ભટ્ટે અને 'વ્યાસભાષ્ય'માં વ્યાસે આ વચન (શાન્તિપર્વ ૨૩૭–૧૮; અનુશાસન૦ ૧૧૪–૬) ટાંકેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org